RESEARCH PAPER | Literature | Volume : 4 | Issue : 5 | May 2014 | ISSN - 2249-555X

# વિચ્છિન્ન'-સંબંધોથી વિચ્છેદ પામેલા નાયકની કથા
# (Vichchhinn Sabandhothi Vichchhed Pamela Nayak Ni Katha)

KEYWORDS

Rathod Arati Parag

Associate Professor, Dep. of Gujarati, Gujarat Arts And Commerce College(Eve.), Ahmedabad.

જગત અને જગતના સુખોથી વિચ્છિન્ન – એકલો , અટૂલો પડી ગયેલો સપન. 'વિચ્છિન્ન'–'વિચ્છેદ પામેલું'[1], જગતથી વિમુખ. બધાજ સંબંધોમાં નિષ્ફળ નીવડેલો વ્યક્તિ. જેની આખી જીવનકથા લેખક ભરત પરીખે 'વિચ્છિન્ન' લઘુનવલ રૂપે માત્રને માત્ર ૯૬ પાનામાં અને ૮ અંકમાં આપણી સમક્ષ મૂકી આપી છે.

બધાં જ સંબંધોમાં નિષ્ફળ નિવડેલો વ્યકતિકરોળિયાની જેમ જાળમાં ફસાય છે . અહી લેખકે કરોળિયા અને તેની જાળ પ્રતીકરૂપે મૂકી આપ્યું છે . કરોળિયો એ માનવી (કથાનાયક) અને જાળ એ સંબંધો રૂપી સંસારની જાળ બતાવાઈ છે.જેમ કરોળિયો પોતાના રહેવા માટે તાતણા બાંધીને જાળ તૈયાર કરે છે તેમ આ લઘુનવલનો કથાનાયક સંસારમાં જીવવા સંબંધો બાંધે છે જેમાં એ પોતે જ અટવાય જાય છે.આ કથાનો નાયક સપન પણ સંબંધો રૂપી જાળમાં ફસાય જાય છે . એ વસ્તુને ધ્યાનમાં લઈને કદાચ લેખકે 'વિચ્છિન્ન' લઘુનવલની શરૂઆતમાં જ કરોળિયા અને તેના જાળનું ચિત્ર બતાવ્યું છે.જે આ કથાનો નાયક પોતાના જીવનના બધાંજ સ્વજનોની જાળમાં કેવી રીતે ફસાયો છે એ સુંદર રીતે આપણી સમક્ષ મુકી આપ્યું છે.

આ લઘુનવલની શરૂઆત- " એકાન્તમાં વન વિસ્તરતા ગયા...ચાર દીવાલોમાં આખું અરણ્ય સમાઈ ગયું...બાજુમાં પડેલી લાકડાની નિર્જીવ ઘોડીનો અજાણપણે સ્પર્શ થયો . એક સામટા કેટકેટલાંક સંવેદનો ઉદભવીને ઓસરી ગયા..."[2] થી થાય છે.ત્યારબાદ નવલકથાકાર ભરત પરીખે કથાવસ્તુમાં સુંદર રીતે flash back પદ્ધતિનો ઉપયોગ કરે છે.

નવલકથાનો નાયક સપન પોતાના કપાયેલા પગ જોઈને પોતાના ભૂતકાળમાં સરી પડે છે.સેતુ સાથેના ખુશહાલ લગ્નજીવન અચાનક એ લગ્ન-જીવનમાં આવી પડેલી આંધીને યાદ કરે છે.કોઈક કારણોસર અચાનક સેતુના વર્તનમાં પરિવર્તન જોઈ ડગી જાય છે.

આ લઘુનવલમાં લેખકે સેતુ , સપન , મેઘા , પાર્થિવ, ડો.અક્ષત મહેતા જેવા ઓછા પાત્રોએ આ લઘુનવલને પ્રસિદ્ધિ અપાવી છે . કથાવસ્તુની દ્રષ્ટીએ જોઇએતો –સપન એક આર્ટસ કોલેજનો પ્રોફેસર છે. મુંબઈમાં ઘર ની શોધ કરતાં તેને એક પ્રોફેસરની પુત્રી મેઘા સાથે મુલાકાત થાય છે.તેમણે ત્યાં સપન સેતુને રહેવાની છૂટ મળે છે.મેઘા સપન પાસે ભણવા માંડે છે. થોડા સમય બાદ સપનને મેઘા તેની તરફ વધુ આકર્ષાઈ છે એની જાણ થાય છે. બીજી બાજુ પત્ની સેતુના સ્વભાવમાં પરિવર્તન આવે છે . સપન અને સેતુનું મુંબઈમાં મેઘાને ત્યાં રોકાવું ,મેઘાનું સપન પાસે શિક્ષણ લેવું , મેઘાનું પ્રો.સપન તરફ આકર્ષાવું , એ વાતની જાણ થતા સેતુનું સપનથી અલગ થવુ ,અચાનક સેતુમાં આવેલું પરિવર્તન , મેઘાની સેતુ પાસે માંગેલી માફી,થોડાક સમય બાદ મેઘાનું પાર્થિવના પ્રેમમાં પડવું અને તેના બાળકની મા બનવાની જાણ તેના પતિાને થવી , પતિાનું મેઘાને તરછોડવું , સપન તેના પતિ હરપ્રિસાદ વ્યાસને સમજાવતાં ફરીથી પુત્રીનો સ્વીકાર કરવો , સેતુને મેઘા અને સપન વચ્ચેના ખોટા સંબંધો બતાવવા , સેતુનો સપનને ડિવોર્સનો કાગળ મોકલવો,કોર્ટમાં કેસ ચાલવો,સપન દ્વારા ઓફિસમાં રીજેગ્નેશન લેટર આપવો , હરપ્રિસાદ , મેઘા , મિસિસ.ચોપરા , અગ્નિહોત્રકિોર્ટમાં સેતુના ખોટા આક્ષેપોને દૂર કરે છે , અંતે સપનને ન્યાય મળે છે.સેતુના પતિ હર્ષદરાય પુત્રીની ભૂલ સ્વીકારતા સપનને માફી માંગે છે.સેતુ ત્યારબાદ આત્મહત્યા કરે છે જેની જાણ સપનને થાય છે . એ સાથે જ સપનના જીવનનો એક અધ્યાય પૂરો . રહી માત્ર એકલતા...

મેઘા સપન માટે એક ડાયરી લખી ઘર છોડીને જતી રહે છે . અચાનક એક વાર એક ટ્રેન પર ચઢતાં મેઘાને જોવાની અનુભૂતી થવી , ટ્રેન પરથી પડી જતા સપન પગ ગુમાવે છે . એક તરફ સેતુના મૃત્યુનો આઘાત , બીજી તરફ મેઘાના ઘૂમ થયાની વાત તો સામે મેઘાએ લખેલો પત્ર અને ડાયરી સપનના આંખો આગળ તાંડવ કરે છે . એક પગ ગુમાવતા તે કોલેજની નોકરીને છોડે છે . એ લાચાર , કરૂણાના પાત્ર બનવા નહતો માંગતો . ધીરે ધીરે તેણે પોતાની જાતને સંકોચવા માંડી . બીજાને ખોટું લાગે એટલી હદે તે એકાકી બનતો ગયો . જગત અને જગતના સુખોથી વિચ્છિન્ન સપન સેતુના સ્મરણોને સહારે બાકીની જીન્દગી પણ જીવતો ગયો.અચાનક સેતુના ડો.અક્ષત મહેતા દ્વારા જાણ થવી કે,

" સેતુ સપનને ખુબ ચાહતી હતી . તેણે બાળકની ખુશી આપવા માંગતી હતી પણ તે અસમર્થ હતી.પણ . તેના દુ:ખને દૂર કરવા માટે , સપન પોતાને છોડી બીજા જોડે પરણે અને તેણે સંતાન થાય તેમ તે ઈચ્છતી હતી . પણ તેને સપન સાથે છૂટા છેડા ન થતાં તે અંતે પોતાને મળવા આવી હતી . અને પોતે સપનને બહુ પ્રેમ કરે છે એ વાત જણાવતા કહ્યું હતું અને સાથે સાથે પોતે એનાથી બહુ દૂર થાય છે એ પણ જણાવ્યું હતું."[3]

સપનને ભાન થાય છે કે એણે પોતાના જીવનના અત્યંત પ્રિય પાત્રને ગુમાવી દીધું,પણ સાથે સાથે એ વાતને ખુશી પણ હતી કે જે વ્યક્તિને એણે પ્રેમ કર્યો હતો એ વ્યક્તિએટલે કે સેતુ પણ તેણે દિલથી ચાહતી હતી.પોતે ક્યારેય મા બની ન શકે એ વાત જણાવી તે સપનને દુ:ખી કરવા માંગતી ન હતી.અંતે કહેતી ગઈ ; "મે તને હંમેશા ચાહ્યો છે...મારા જીવથીએ અધિક ચાહ્યો છે.એણે કહેજોકે,મને ભૂલી જાય અને બીજા લગ્ન કરી સુખી થાય."[4]

અક્ષત સપનના વિચ્છિન્ન જીવન માટે પોતાની જાતને જવાબદાર ગણે છે.ત્યાં સપન તેણે માફ કરતા પ્રેમપૂર્વક કહે છે," અક્ષત , મારા ભાઈ, તમે જે કામ કર્યું છે એનો બદલો તો આ જન્મમાં ક્યારેય નહિચૂકવાય. તમે જો ન આવ્યા હોત તો કોણ જાણે મે સેતુને કેવી મૂલવી હોત ! "[5]

અક્ષતના પ્રવેશે,તેના બયાને સપનના એકાકી જીવનને ધ્યેયહીન અને દુઃખમય જીવનને ફરી ચેતનવંતુ બનાવ્યું . ફરી જીવનનો એક અધ્યાય સેતુના સ્મરણોને સહારે શરૂ થયો.અને તે સાથે સપન ટેબલ સુધી આવ્યો , ખુરશી પર બેસી , ટેબલ લેમ્પની સ્વિચ ઓન કરી પોતાના જીવનની નોધ લખવાની શરૂ કરી.જાણે ટેબલ પર પડી રહેલા કાગળો પર હ્રદયમાં ભંડારાયેલું સત્યને બહાર લાવવા જાણે નવલકથા લખવી છે,જીવનને જાણે હવે શબ્દદેહ આપીને જ વિરમવું છે.જેનો નાયક તે પોતે જ હશે પણ નાયિકા મેઘા ? ના એ તો સેતુ જ હશે ! ટેબલ પર પડેલી પેન હાથમાં લઇ આનંદથી એકાએક નવલકથાનો ણાવો મુદ્દો જાણે હાથમાં આવી ગયો હોય તેમ તેણે નવલકથા સર્જવાની શરૂઆત કરી.જાણે પોતાની સેતુ બોલાવી રહી હોય તેમ તેણે નવલકથા લખવાની શરૂઆત કરી.

આ લઘુનવલમાં મુખ્ય પાત્રની રીતે જોઇએતો સપન છે.સેતુ , મેઘા , પાર્થિવ , ડો.અક્ષત મહેતા , વગેરે જેવા પાત્રો આપણે જોઈએ છીએ જે સપન ની આજુબાજુ રમ્યા કરે છે.એક પછી એક તે પાત્રો સપનના જીવનમાં આવ્યા કરે છે.અને પોતાનો રોલ ભજવે છે.જેમાં જોવા જઈએ તો આઘાત તો સપનને જ થાય છે.એક સ્મુતી બની સપનના ચિત્તમાં સ્થાપિત થઇ જાય છે.જેથી સપન બધાને ખરાબ લાગે એ હદે પોતાનાથી દૂર કરી ડે છે , એકલો અટૂલો થઇ જાય છે.શું એ એકલો થવાનું વિચારે છે ? ના,એ તો એના જીવનમાં એક પછી એક દુખો કે ઘટનાઓને ભૂલી જવા માટે એકલો રહે છે.સૌથી વધું દુઃખ તો પોતાની પત્ની એણે પૂછ્યા વગર જાતિરહી અને એ પણ આ દુનિયા છોડીને ? જેના વિશે સાચી ઘટના એ જાણે છે તો દુઃખની સાથે સાથે એણે એ વાતની ખુશી પણ હોય છે ક એની પત્ની એણે હદથી વધુ ચાહતી હતી.આમ જોઈએ તો આ નવલકથા મારા માન્યા પ્રમાણે નાયકના , નાયકના વિચ્છેદ પામેલા જીવનને આધારે લખાયેલી છે.નાયકના મનોવેદના આપણને અહી નવલકથાકાર બતાવવા માંગે છે.

**REFERENCE** ૧. સાર્થ ગુજરાતી જોડણીકોશ પૃષ્ઠ.૭૭૦. | ૨. 'વિચ્છિન્ન' – ભરત પરીખ પૃષ્ઠ.૧. | ૩. એજન-પૃષ્ઠ.૯૧. | ૪. એજન-પૃષ્ઠ.૯૩. | ૫. એજન-પૃષ્ઠ.૯૪. |